सत्यमेव जयते

Azadi Ka Amrit Mahotsav



SCOPE

SOCIETY FOR CREATION OF OPPORTUNITIES THROUGH PROFICIENCY IN ENGLISH

A Government of Gujarat Initiative

વાર્ષિક આયોજન

વર્ષ ૨૦૨૨-૨૩

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર



“દુનિયા જે ભાષામાં સમજી શકે તે ભાષામાં
ગુજરાતનો યુવાન દુનિયાની આંખમાં આંખ
મિલાવીને પોતાનું કૌશલ્ય પૂરવાર કરી
શકે તે સ્થિતિનું નિર્માણ કરવું છે”

- નરેન્દ્રભાઈ મોદી

सत्यमेव जयते



શ્રી ભૂપેન્દ્ર પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત સરકાર

સંદેશ

ગુજરાતની ગુણવંતી પ્રજાએ વિવિધ ક્ષેત્રે અનેક નોંધનીય સિદ્ધિઓ હાંસલ કરી છે. જ્ઞાન અને ટેકનોલોજીના આજના આ યુગમાં શિક્ષણ અને જ્ઞાન–વિજ્ઞાન ક્ષેત્રે ગુજરાતના વિદ્યાર્થીઓની સજ્જતા અને સક્ષમતામાં કોઈ કચાશ ન રહે તેવા શુભાશયથી રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા બહુઆયામી પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. યુવાધનમાં તેમની માતૃભાષાની સાથે સાથે અંગ્રેજી ભાષામાં ભણતરની સાથે ગણતર પ્રદાન કરવાના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને મૂર્ત સ્વરૂપ આપવાનો પ્રયાસરૂપી મહત્ત્વપૂર્ણ પ્રકલ્પ એટલે સ્કોપ (Society for Creation of Opportunities through Proficiency in English).

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ હેઠળ કાર્યરત સ્કોપ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન અંગ્રેજી ભાષાના વિવિધ વિષયો પર વર્કશોપ, સેમિનાર, વેબિનાર, ઇ–ક્વિઝ તેમજ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સ્કોપ સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૨–૨૦૨૩ની વાર્ષિક પ્રવૃત્તિના આયોજન સંદર્ભે માહિતીદર્શક પુસ્તિકાના પ્રકાશનના અવસરે હું આનંદની લાગણી વ્યક્ત કરતાં સંસ્થાના સમગ્ર પરિવારને સફળતાની શુભેચ્છા પાઠવું છું.

આપનો,

(ભૂપેન્દ્ર પટેલ)

सत्यमेव जयते



શ્રી જીતુભાઈ વાઘાણી

માન. મંત્રીશ્રી, શિક્ષણ, (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ),
ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી

સંદેશ

આજની વૈશ્વિક સ્પર્ધામાં ભારત મહાસત્તા બનવા તરફ આગળ વધી રહ્યું છે. વિશ્વ આખામાં ભારતીય બુધ્ધિધનની બોલબાલા છે. વિશ્વએ આચાર, વિચાર, વ્યવહાર તેમજ અભ્યાસના માળખામાં અંગ્રેજી ભાષાને સહજ ભાષા તરીકે સ્વીકારેલ છે.

અંગ્રેજી ભાષાના જ્ઞાનમાં ગુજરાતના યુવાનો પ્રભુત્વ મેળવે અને તે થકી રોજગારીની ઉતમ તકો પ્રાપ્ત કરે તે હેતુથી તત્કાલિન મુખ્યમંત્રીશ્રી તથા હાલના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૦૭ માં સ્કોપ (Society for Creation of Opportunities through Proficiency in English) ની સ્થાપના કરવામાં આવી હતી. જેના આજે ગુજરાતમાં સકારાત્મક પરિણામો જોવા મળી રહ્યા છે.

આ સંસ્થા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેમજ ગુજરાત સરકારની આ વ્યવસ્થાનો મહત્તમ જનતાને લાભ મળતો રહે તેવી શુભકામનાઓ પાઠવું છું.

(જીતુભાઈ વાઘાણી)

सत्यमेव जयते



શ્રી કુબેરભાઈ ડીંડોર
માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી,
ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ,
વૈધાનિક અને સંસદીય બાબતો,

સંદેશ

ગુજરાતનો યુવાવર્ગ અંગ્રેજી ભાષા બોલવાનું, લખવાનું તથા સાંભળવાનું કૌશલ્ય વિકસાવી શકે તે માટે સ્કોપ (Society for Creation of Opportunities through Proficiency in English) દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ ઉપરાંત, ગુજરાત રાજ્યના અધ્યાપકશ્રીઓ તથા શિક્ષકો વિદ્યાર્થીઓને સરળતાથી અંગ્રેજી ભાષા ભણાવી શકાય તે અંગેની તાલીમ પણ આપવામાં આવે છે.

આ કેલેન્ડરની પ્રસિદ્ધિ વેળાએ હું શુભેચ્છા આપું છું.

(કુબેરભાઈ ડીંડોર)

પ્રસ્તાવના :

ભારતના યશસ્વી માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી હતા તે સમયે વર્ષ ૨૦૦૭માં તેમના દ્વારા અંગ્રેજી ભાષામાં ગુજરાતના યુવાનોમાં અભાવ ન રહે તેવા હેતુથી સ્કોપ (Society for Creation of Opportunities through Proficiency in English) સંસ્થાની સ્થાપના કરી હતી. સ્કોપનો મુખ્ય હેતુ ગુજરાતના યુવાન/યુવતીઓમાં અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ વધે અને તેના થકી રોજગારીની વધુ ઉજ્જવળ તકો પ્રાપ્ત થાય તેવો છે. સ્કોપ દ્વારા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને યુવાનો અંગ્રેજી ભાષાના અભાવથી રોજગારી પ્રાપ્ત કરવાની તકમાં પાછળ ન રહે તે અર્થે અંગ્રેજી ભાષાના પ્રચાર અને પ્રસાર તેમજ ભાષા કૌશલ્યના વિકાસ માટે વિવિધ પ્રકારની તાલીમ, વર્કશોપ, પરીક્ષા, સેમિનાર વગેરેનું આયોજન કરવાનું કાર્ય કરવામાં આવે છે. સ્કોપ દ્વારા મુખ્યત્વે કેમ્બ્રિજ યુનિવર્સિટીના વિભાગ "Cambridge English Assessment" દ્વારા અંગ્રેજી ભાષાના Reading, Listening and Speaking જેવા કૌશલ્યની પરીક્ષા દ્વારા ચકાસણી કરવામાં આવે છે.

સ્કોપના મુખ્ય હેતુઓ :

- અંગ્રેજી ભાષાશિક્ષણની જરૂરિયાત આધારિત તાલીમ કાર્યક્રમનું આયોજન કરવું.
- અંગ્રેજી ભાષાશિક્ષણમાં ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવું.
- સ્કોપ દ્વારા તાલીમ અને અભ્યાસક્રમાં શિક્ષણ મેળવી આ પરીક્ષા માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તા ધરાવતી એજન્સી સાથે કામગીરી કરવી.
- ગુજરાત રાજ્યમાં અંગ્રેજી ભાષાશિક્ષણ માટે સ્વતંત્ર અને સ્વાયત્ત સંસ્થા તરીકે કામ કરવું.
- અંગ્રેજી ભાષાશિક્ષણના અમલ અને સંવર્ધનના હેતુને સિદ્ધ કરવા સહયોગી સંસ્થા તરીકે કાર્ય કરવું.
- અંગ્રેજી ભાષાશિક્ષણની જરૂરિયાત આધારિત તાલીમ કાર્યક્રમની સાથે સેમિનાર, વર્કશોપ વગેરેનું આયોજન કરવું.
- અંગ્રેજી ભાષાશિક્ષણમાં ઇ-લર્નિંગ માધ્યમોને પ્રોત્સાહન આપવું.

સ્કોપની વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમો :

સ્કોપ દ્વારા અંગ્રેજીના વિવિધ વિષયો પર વિદ્યાર્થીઓ અને અધ્યાપકશ્રીને ઉપયોગી થાય તેવા ઓનલાઇન વેબિનાર, ઇ-ક્વિઝ, વર્કશોપ, સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. જેને ખૂબ બહોળો પ્રતિસાદ મળેલ છે.



સ્કોપના ફાયદાઓ :

- વર્ષ ૨૦૦૭થી અંદાજિત ૬ લાખ કરતાં વધુ વિદ્યાર્થીઓએ કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા માન્યતા પ્રાપ્ત સર્ટિફિકેટ મેળવેલ છે, જે વિદ્યાર્થીઓને રોજગાર અને કારકિર્દીમાં ઉપયોગી બનેલ છે.
- સ્કોપ દ્વારા કોલેજોમાં વર્કશોપ, વેબિનાર અને સેમિનાર દ્વારા હજારો વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ અંગ્રેજી ભાષામાં નિપૂણતા હાંસલ કરી છે.
- સ્કોપ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવતા ઇ–ન્યૂઝ લેટરનો ગુજરાતની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ, અધ્યાપકો અને અન્ય તમામ લોકો બહોળા પ્રમાણમાં વાંચન કરી અંગ્રેજી ભાષના જ્ઞાનમાં વધારો કરેલ છે.
- સ્કોપ દ્વારા વિવિધ કક્ષાએ ખાસ તાલીમ મેળવેલ છે, જે અંતર્ગત
  - શાળાના શિક્ષકો
  - ગુજરાત પોલીસ
  - કોલેજોના અધ્યાપકો
  - વિશિષ્ટ તાલીમ રૂપે સચિવાલયના વહીવટી વિભાગના અધિકારીઓ, ડી.ઇ.ઓ. કચેરીના કર્મચારીઓ વગેરે.
  - અન્ય સમુદાય, જેમણે સ્કોપમાં પ્રશિક્ષિત થઇ સર્ટિફિકેટ પ્રાપ્ત કરેલ છે.

સ્કોપની વિશિષ્ટ સિદ્ધિઓ :

- સ્કોપ સોસાયટીને enhancing English Language Proficiency and creating better employment opportunities for the youth. માટે વર્ષ ૨૦૧૧માં The Manthan Award 2011-South Asia એવોર્ડ આપવામાં આવ્યો, જે ગુજરાત રાજ્યની સાથે સમગ્ર ભારતમાં આ એવોર્ડ મેળવનાર એકમાત્ર સંસ્થા છે.
- વર્ષ ૨૦૧૬માં ઝારખંડમાં Elets Technomedia આયોજિત Education & Skill Summit-2016 માં સ્કોપને SPEAKER તરીકે એવોર્ડ મળ્યો છે.

સ્કોપની વિવિધ પરીક્ષાઓ :

સ્કોપની સ્થાપના અંગ્રેજીનું જ્ઞાન મેળવી રાજ્યકક્ષાએ સર્ટિફિકેટ મેળવી શકે તે અર્થે આંતરરાષ્ટ્રીય કક્ષાની ગુણવત્તા ધરાવતી એજન્સી સાથે કામગીરી કરવા અન્વયે આંતરરાષ્ટ્રીય રીતે વિખ્યાત એવી કેમ્બ્રિજ યુનિવર્સિટી સાથે પરીક્ષાઓ માટેના કરાર થયેલા છે. સમગ્ર ગુજરાતની અંદાજિત ૫૭૫ થી વધારે કોલેજો સ્કોપ સાથે જોડાયેલ છે. સામાન્ય રીતે સ્કોપ દ્વારા વર્ષમાં મુખ્ય ત્રણ સેશનમાં પરીક્ષાઓ ગુજરાતની વિવિધ કોલેજમાં યોજવામાં આવે છે.

૧. જાન્યુઆરી–ફેબ્રુઆરી

૨. જૂન–જુલાઇ

૩. નવેમ્બર–ડિસેમ્બર

આ ઉપરાંત કોલેજોના વિદ્યાર્થીઓ માટે ખાસ જોગવાઇમાં ODOLE (On Demand Online Exam)થી પણ પરીક્ષા યોજવામાં આવે છે.

સ્કોપ દ્વારા મુખ્યત્વે બે પ્રકારની પરીક્ષા યોજવામાં આવ છે :

(૧) Cambridge English Placement Test (CEPT) -Reading & Listening

(૨) Linguaskill Business - Reading, Listening & Speaking



૧. Cambridge English Placement Test (CEPT) પરીક્ષા :

અંગ્રેજી ભાષાની આ ઓનલાઇન પરીક્ષા છે, જેનો ઉપયોગ ઉમેદવારના પ્લેસમેન્ટ હેતુ માટે થાય છે. ૩૦ મિનિટની આ પરીક્ષામાં વાંચન અને શ્રવણના કૌશલ્યમાં કુશળતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

- પરીક્ષા ફી : ૩.૪૫૦=૦૦ (તમામ કરવેરા સહિત)
- પરીક્ષાની રીત અને પરીક્ષાનો સમયગાળો : ઓનલાઇન (૩૦ મિનિટ)
- ફાયદા : ૧. કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા પ્રમાણપત્ર મળશે જે વૈશ્વિક સ્તરે સ્વીકૃત છે.
  ૨. અંગ્રેજી ભાષાની આવડતમાં સુધારો કરી શકાય છે.
  ૩. અંગ્રેજીના અભ્યાસ માટે પ્રેરિત થવાશે.

૨. Linguaskill Business પરીક્ષા :

આ પરીક્ષા વૈશ્વિક સ્તરે સ્વીકૃત પરીક્ષા છે. વ્યક્તિના અંગ્રેજી સ્તરની વાંચન, શ્રવણ અને બોલવાના કૌશલ્યની ચકાસણી કરવામાં આવે છે.

- પરીક્ષા ફી : ૩. ૧૯૦૦=૦૦ (તમામ કરવેરા સહિત)
- પરીક્ષાની રીત : ઓનલાઇન
- પરીક્ષાનો સમયગાળો : ૧. Listening and Reading (અંદાજિત ૬૦ થી ૮૫ મિનિટ)
  ૨. Speaking (અંદાજિત ૧૫ મિનિટ)
- ફાયદા:– ૧. કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા પ્રમાણપત્ર મળશે જે વૈશ્વિક સ્તરે સ્વીકૃત છે.
  ૨. અંગ્રેજી ભાષાની આવડતમાં સુધારો કરી શકાય છે.
  ૩. સચોટ અને વિશ્વસનીય, વૈશ્વિક સંસ્થાઓમાં એડમિશન માટે સહાયરૂપ થશે.

- સ્કોપની પરીક્ષા આપ્યા બાદ દરેકને અંગ્રેજી ભાષાની ચકાસણીના માપદંડો અનુસાર Common European Framework of Reference (CEFR) મુજબ કેમ્બ્રિજ યુનિવસર્ટીના 'Cambridge English Assessment' દ્વારા ગ્રેડ આપવામાં આવે છે.

આ ગ્રેડમાં નીચે પ્રમાણે સમાવેશ થાય છે –

Beginners : A1, A2,
Intermediate : B1, B2,
Advanced : C1, C2

રેપિડ ઇંગ્લીશ સ્પીંકીગ કોર્સ :

સ્કોપ દ્વારા કોવિડ દરમ્યાન ઘેર બેઠાં કોઇ પણ વ્યક્તિ અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવી શકે તે માટે સ્કોપના નિષ્ણાંત ટ્રેનર દ્વારા આ કાર્યક્રમ ચાલુ કરવામાં આવેલ છે.

- ટ્રેનિંગની વયમર્યાદા : અંગ્રેજીમાં રસ ધરાવનાર કોઈપણ વ્યક્તિ જોડાઈ શકે.
- ફી : ૩. ૫૦૦=૦૦ (તમામ કરવેરા સહિત ઓનલાઇન ભરવાની રહેશે)
- અવધિ : ૧૫ દિવસ (દરરોજ એક કલાક)
- બેચની સંખ્યા : ઓછામાં ઓછા ૩૦ વિદ્યાર્થીઓ/વ્યક્તિઓ
- ટ્રેનિંગની રીત : ઓનલાઇન માધ્યમથી
- રજીસ્ટ્રેશન માટે વેબસાઈટ : scope.gujgov.edu.in

- ફાયદા :

૧. ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશનર અને સ્કોપ વતી એમ સયુંકત રીતે સોફ્ટ કોપીમાં પ્રમાણપત્ર મળશે.

૨. અંગ્રેજી ભાષાની આવડતમાં સુધારો કરી શકાય છે.

૩. જાહેરમાં અંગ્રેજી બોલવાનો ભય દૂર થશે.

૪. અંગ્રેજી બોલવાની વિવિધ પ્રવૃત્તિઓથી માહિતીગાર બને છે.

૫. અંગ્રેજી ભાષાનું વ્યવહારુ જ્ઞાનમાં વધારો થાય છે.

સ્કોપ દ્વારા વિવિધ કાર્યક્રમો સ્કોપના ફેસબૂક પેજ અને સ્કોપની યુ ટુયબની ચેનલ પર પ્રસારિત થાય છે જેની લિંક નીચે મુજબ છે :

- Facebook : www.facebook.com/gujscope
- Youtube : www.youtube.com/scopegujaratgog
- Instagram : www.instagram.com/scopegujarat/
- Twitter : twitter.com/scope_gujarat

સ્કોપની વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોની આંકડાકીય સંક્ષિપ્ત વિગતો નીચેના કોષ્ટકમાં સામેલ છે :

સ્કોપની પ્રવૃત્તિ	લાભાર્થી
સ્કોપ પરીક્ષા (CEPT, BULATS and Linguaskill Business)	૬,૨૩,૪૯૮
સ્કોપ દ્વારા યોજવામાં આવેલ સ્પર્ધાઓ	૭૩૦
ઓનલાઇન ઇ–ક્વીઝ	૬૩૫૦
અંગ્રેજીને સંલગ્ન વિવિધ વર્કશોપ	૩૯૦૦
અંગ્રેજીના વિવિધ મુદ્દાઓ પર વેબિનાર	૨૫૮૦૦
અંગ્રેજી સશક્તિકરણ તાલીમ કાર્યક્રમ	૧,૩૧,૪૦૦
બાયસેગ ચેનલ પર અને સ્કોપના સોશિયલ મિડિયા પેજ પર ગુજરાતના છેવાડાના વિદ્યાર્થીઓને ઘેર બેઠાં અંગ્રેજીના વિવિધ મુદ્દાઓ પર ભાષાની કુશળતા પર અંગ્રેજી શીખવાનો કાર્યક્રમ – LSRW બે મહિના સુધી ચલાવેલ હતો. (ફેસબુક અને યુ ટ્યુબ વ્યુવર)	૨,૩૧,૮૦૦
સ્કોપના યુ ટ્યુબ ચેનલના સબસ્કાઈબર	૧૩,૩૯૦
રેપિડ ઇંગ્લિશ સ્પીકીંગ કોર્સ	૨૦૦
* સ્કોપ ઇ–ન્યુઝ લેટર (Contecting Youth) અંક – ૧ થી ૪	૫૦૦



Calendar of Activities

ઓગષ્ટ ૨૦૨૨

પ્રવૃત્તિઓ	ફાયદાઓ
વર્કશોપ : "English Language and Communication Skills" in Commercial Field"	વેપાર અને વાણિજ્ય ક્ષેત્રે અંગ્રેજી ભાષાના સંચાર પરના વર્કશોપથી વાણિજ્ય ક્ષેત્રની અંગ્રેજી ભાષા મજબૂત બનશે. વિદ્યાર્થીઓ અને અન્ય તમામ માટે વાણિજ્ય અને વેપાર માટેની અંગ્રેજી ભાષા પ્રત્યેનો ડર દૂર કરવાનો પ્રયત્ન કરાશે.
વેબિનાર : "Planning and Organizational Skills"	આ વેબિનારમાં કાર્યક્રમનું આયોજન, આયોજન માટેની વ્યવસ્થા કેવી રીતે કરવી તે વિશે ખ્યાલ અપાશે.
વેબિનાર : નિષ્ફળતાના ડરને કેવી રીતે દૂર કરવો?'	આ વેબિનાર દ્વારા નિષ્ફળતાના ડર પર કાબુ મેળવવા વિશે ખ્યાલ આપવામાં આવશે. આ વેબિનાર વિદ્યાર્થીઓની કારકિર્દીમાં ખૂબ જ મદદરૂપ બનશે.
ઇ-ક્વિઝ	સ્કોપની આ ઇ-ક્વિઝના માધ્યમથી "Subjective and Objective" ફોર્મને ખાલી જગ્યામાં ભરવાના રહેશે.
સ્કોપની CEPT અને Linguaskill Business ની પરીક્ષાઓ	સ્કોપ દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ વિશ્વવિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટીના 'Cambridge English Assessment' નું પ્રમાણપત્ર કૉલેજના વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરશે.

સપ્ટેમ્બર ૨૦૨૨

પ્રવૃત્તિઓ	ફાયદાઓ
E-Quiz - GK	સ્કોપની આ ઈ-ક્વિઝના માધ્યમથી વિદ્યાર્થીઓનું સામાન્ય જ્ઞાન વધશે.
કવિતાપઠન/કાવ્યગાન સ્પર્ધા	કવિતાપઠન/કાવ્યગાન સ્પર્ધા દ્વારા બાળકો અને વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષામાં કવિતા બોલતાં અને સમજતાં શીખશે.
પત્રલેખન સ્પર્ધા : મનપસંદ શિક્ષક	પત્રલેખન સ્પર્ધા દ્વારા પત્રના ફોર્મેટને સમજવામાં મદદ કરશે અને શિક્ષક દિવસ નિમિત્તે પોતાના પ્રિય શિક્ષક પ્રત્યે પોતાની લાગણીઓ વ્યક્ત કરશે.
ઇ-ક્વિઝ	સ્કોપ દ્વારા સમગ્ર ગુજરાતની કોલેજોના વિદ્યાર્થીઓ તથા અન્ય તમામ લોકો ગૂગલ ફોર્મના માધ્યમથી વિદ્યાર્થીઓ પોતાના Prepositionના જ્ઞાનથી અંગ્રેજી વ્યાકરણના વિવિધ પાસાંઓ શીખવામાં મદદ કરશે.
સ્કોપની CEPT અને Linguaskill Businessની પરીક્ષાઓ	સ્કોપ દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ વિશ્વવિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટીના 'Cambridge English Assessment' નું પ્રમાણપત્ર કૉલેજના વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરશે.
ઇ-ન્યૂઝલેટર	સ્કોપના ઇ-ન્યૂજલેટરના છઠ્ઠા અંકની થીમ NEP 2020 વિષયના સંદર્ભમાં ઉચ્ચ શિક્ષણમાં સુધારાઓ કઈ રીતે કરી શકાય તે માટેનો રહેશે. જેમાં શિક્ષકો તથા વિદ્યાર્થીઓ NEP 2020 અનુસાર શિક્ષણ પ્રણાલીમાં કયા સુધારાઓ હાથ ધરી શકાય તે વિશે તેમના વિચારો રજૂ કરશે.

ઓક્ટોબર ૨૦૨૨

પ્રવૃત્તિઓ	ફાયદાઓ
વિદ્યાર્થીઓ સાથે Open Forum	વિદ્યાર્થીઓ બીજા વિદ્યાર્થી જોડે વિવિધ વિષયો પર ચર્ચા કરશે અને તેનાથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધશે અને જાહેરમાં બોલવાનો ભય દૂર થશે.
૩ દિવસીય લેક્ચર સીરીઝ : (માધ્યમ – બાયસેગ)	આ લેક્ચર સીરીઝ "Development of Self Confidence, Leadership and Decision making" વિષય પર હશે. આ લેક્ચર સીરીઝમાં વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ કેવી રીતે વિકસાવવો તેની ટીપ્સ આપવામાં આવશે. જે દરેક પડકારોનો સામનો કરવા માટે આજના વિશ્વમાં ખૂબ જ જરૂરી બનશે તેમજ નેતૃત્વના ગુણોને કેવી રીતે ખીલવી શકાય તેમજ નિર્ણયાત્મક શક્તિને કેળવવા માટેનું માર્ગદર્શન આપવામાં આવશે.
ઇ–ક્વિઝ	સ્કોપ દ્વારા વિવિધ કાળ માટેની ઇ–ક્વિઝ દ્વારા વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષાના વાર્તાલાપ કરવામાં અને લેખનમાં મદદરૂપ થશે.
સ્કોપની CEPT અને Linguaskill Businessની પરીક્ષાઓ	સ્કોપ દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ વિશ્વવિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટીના 'Cambridge English Assessment' નું પ્રમાણપત્ર કૉલેજના વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરશે.



નવેમ્બર ૨૦૨૨

પ્રવૃત્તિઓ	ફાયદાઓ
સેમિનાર : "Beyond education : How to achieve success in career and Life."	આ સેમિનારના માધ્યમથી વિદ્યાર્થીઓમાં જીવન અને કારકિર્દીમાં કેવી રીતે સફળ બનવું અને માનવીય મૂલ્યોનું મહત્વ જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
વર્કશોપ : "How to achieve a winning personality"	આ વર્કશોપથી સફળતા મેળવવા માટેની માનસિકતા કેળવવાની રીતો વિશે ખ્યાલ આપવામાં આવશે તેમજ આ સ્પર્ધાત્મક વિશ્વમાં સામનો કરવો તે અંગેની માહિતી આપવામાં આવશે.
ઇ-ક્વિઝ	આ ઇ-ક્વિઝ "સંજ્ઞા" વિષય પર હશે જે અંગ્રેજી ભાષાના વાર્તાલાપ અને લેખન બંનેમાં સહભાગીઓને મદદરૂપ થશે.
સ્કોપની CEPT અને Linguaskill Business ની પરીક્ષાઓ	સ્કોપ દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ વિશ્વવિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટીના 'Cambridge English Assessment' નું પ્રમાણપત્ર કૉલેજના વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરશે.



ડિસેમ્બર ૨૦૨૨

પ્રવૃત્તિઓ	ફાયદાઓ
વર્કશોપ : Academicians for the derivation of innovative	ગુજરાતના પ્રખ્યાત શિક્ષણવિદોના આ વર્કશોપમાં વિવિધ ક્ષેત્રોના વિવિધ શિક્ષણવિદો નવા વિચારો અને નવીનતા માટેની શોધ માટે એકત્રિત થશે. આ વર્કશોપ દ્વારા શિક્ષણમાં નવીન વિચારો અને તેના અમલીકરણને સરળ બનાવી પરંપરાગત શિક્ષણ પ્રણાલીમાં સુધારો થશે.
ઇ-ક્વિઝ	સ્કોપની આ ઇ-ક્વિઝમાં વિદ્યાર્થીઓને 'ક્રિયાપદ' ટોપિક પર પ્રશ્નોત્તરી હશે, જેમાં સાચા ક્રિયાપદના રૂપ સાથે ખાલી જગ્યાઓ ભરવાની રહેશે, જેના દ્વારા અંગ્રેજી ભાષાની વાતચીત કરવામાં મદદરૂપ થશે.
સ્કોપની CEPT અને Linguaskill Business ની પરીક્ષાઓ	સ્કોપ દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ વિશ્વવિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટીના 'Cambridge English Assessment' નું પ્રમાણપત્ર કૉલેજના વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરશે.
ઇ-ન્યૂઝલેટર	સ્કોપનો સાતમો અંક ''કારકિર્દી બનાવવામાં શોખની ભૂમિકા'' થીમ પર રહેશે. આ અંકમાં વિદ્યાર્થીઓ તેમના વિચારો વ્યક્ત કરી શકે છે કે જે તેમના શોખ અને ઉદ્દેશને અનુરૂપ કારકિર્દી ઘડવામાં સહાયરૂપ થશે.



જાન્યુઆરી ૨૦૨૩

પ્રવૃત્તિઓ	ફાયદાઓ
જૂથ ચર્ચા : આંતર – યુનિવર્સિટી / કૉલેજ	જૂથ ચર્ચા વિદ્યાર્થીની વિચારવાની, સાંભળવાની અને બોલવાની કુશળતાને સુધારવામાં મદદ કરશે.
વેબિનાર : ટેક્નોલોજીનું મહત્ત્વ– વ્યાવસાયિક વિશ્વના પરિપ્રેક્ષ્યમાં	આ વેબિનાર સહભાગીઓને રોજગારમાં પ્રવેશ મેળવવા માટે, ટેક્નોલોજીના મહત્ત્વ વિશે શીખવશે. કારણ કે ટેક્નોલોજી એ આજના વ્યાવસાયિક વિશ્વમાં સૌથી મહત્ત્વનું છે.
ઇ–ક્વિઝ	સ્કોપની આ ઇ–ક્વિઝમાં વિદ્યાર્થીઓને 'વિશેષણ' ટોપિક પર પ્રશ્નોત્તરી હશે , જેમાં સાચા વિશેષણના રૂપ સાથે ખાલી જગ્યાઓ ભરવાની રહેશે, જેના દ્વારા અંગ્રેજી ભાષાની વાતચીત કરવામાં મદદરૂપ થશે.
સ્કોપની CEPT અને Linguaskill Businessની પરીક્ષાઓ	સ્કોપ દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ વિશ્વવિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટીના 'Cambridge English Assessment' નું પ્રમાણપત્ર કૉલેજના વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરશે.



ફેબ્રુઆરી ૨૦૨૩

નિબંધ લેખન સ્પર્ધા	આ નિબંધ લેખન સ્પર્ધા વિદ્યાર્થીઓમાં વિવેચનાત્મક વિચારસરણીને પ્રોત્સાહિત કરે છે અને તેમાં વધારો કરે છે, તેમજ સર્જનાત્મક વિચારસરણી ખિલવવામાં મદદરૂપ થશે અને સંચાર કૌશલ્યને સુધારવામાં પણ મદદરૂપ થશે.
સેમિનાર : "Spoken English for Non-native Speakers"	આપણે બધા આપણી બીજી ભાષા તરીકે અંગ્રેજીનો ઉપયોગ કરીએ છીએ કારણ કે ગુજરાતી આપણી પ્રથમ ભાષા છે અને આપણી માતૃભાષા છે. આ કારણે અંગ્રેજીમાં વાતચીત કરવામાં થોડી તકલીફ પડે છે. આથી આ વર્કશોપ દ્વારા સૌ સંબોધન કરતા શીખશે અને વિદ્યાર્થીઓ તેમજ સહભાગીઓને યોગ્ય ઉચ્ચાર સાથે અંગ્રેજી કેવી રીતે બોલવું તે અંગે માર્ગદર્શન આપવામાં આવશે. જેથી યુવાનો તેમજ અન્ય લોકો અંગ્રેજીના વધી રહેલા ઉપયોગથી વંચિત ન રહી જાય.
ઇ-ક્વિઝ	સ્કોપની આ ક્વિઝમાં વિદ્યાર્થીઓ/સહભાગીઓને સાચો સમાનાર્થી શબ્દ પસંદ કરવાનો રહેશે, જેના દ્વારા તેમના અંગ્રેજી ભાષાના શબ્દ ભંડોળમાં વધારો થશે.
સ્કોપની CEPT અને Linguaskill Business ની પરીક્ષાઓ	સ્કોપ દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ વિશ્વવિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટીના 'Cambridge English Assessment' નું પ્રમાણપત્ર કૉલેજના વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરશે.



માર્ચ ૨૦૨૩

પ્રવૃત્તિઓ	ફાયદાઓ
વર્કશોપ : પબ્લિક સ્પીકિંગ	આ વર્કશોપમાં સહભાગીઓને જાહેરમાં અસરકારક અને આત્મવિશ્વાસથી કેવી રીતે વાત કરવી તેનો ખ્યાલ આપવામાં આવશે, જે દરેક માટે ખૂબ જ મદદરૂપ થશે. જે લોકો જાહેરમાં બોલવામાં સંકોચ અનુભવે છે તેને બદલે બોલતી વખતે તેનામાં આત્મવિશ્વાસનો વધારો થશે.
Webinar on "Writing Skills-Reports, Emails, Letters and Essays"	આ વેબિનારથી સહભાગીઓને લેખન કૌશલ્ય – અહેવાલો, ઈમેલ, પત્રો અને નિબંધો વિગેરે વિશે શીખવવામાં આવશે. યોગ્ય ફોર્મેટ અને લખવાની રીત વિગતવાર સમજાવવામાં આવશે, જેથી અંગ્રેજી ભાષાની લેખન કળાનો વિકાસ થશે.
ઇ–ક્વિઝ	સ્કોપની આ ક્વિઝમાં વિદ્યાર્થીઓ/સહભાગીઓને સાચો વિરુદ્ધાર્થી પસંદ કરવાનો રહેશે, જેના દ્વારા તેના અંગ્રેજી ભાષાના શબ્દભંડોળમાં વધારો થશે.
સ્કોપની CEPT અને Linguaskill Businessની પરીક્ષાઓ	સ્કોપ દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ વિશ્વવિખ્યાત કેમ્બ્રિજ યુનિવર્સિટીના 'Cambridge English Assessment' નું પ્રમાણપત્ર કૉલેજના વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરશે.
ઇ–ન્યૂઝલેટર	સ્કોપના આ આઠમા ન્યૂઝલેટરની થીમ 'આધુનિક ટેક્નોલોજીના યુગમાં આઉટડોર ગેમ્સનું મહત્ત્વ' રહેશે. જેમાં વિદ્યાર્થીઓને ઘરની બહાર રમાતી રમતોનું મહત્ત્વ સમજાવાશે.

એપ્રિલ ૨૦૨૩

પ્રવૃત્તિઓ	ફાયદાઓ
અંગ્રેજીમાં કોમ્યુનિકેશન સ્કીલ્સ પર સેમિનાર	આ સેમિનાર થી અંગ્રેજીમાં સંદેશાવ્યવહારમાં તાલમેલ સ્થાપિત કરવાની રીતો ઓળખવામાં મદદ કરશે અને યોગ્ય સંચારનું સંચાલન કરવા અને તેની ખાતરી કરવા માટેની તકનીકો વિકસાવી શકાય તેની માહિતી આપવામાં આવશે.
વર્કશોપ:– Spoken English Fluency	આ વર્કશોપ વિદ્યાર્થીઓને અંગ્રેજીના ઉચ્ચારણ ઉપરાંત અંગ્રેજીના ચોક્કસ તત્વોથી વાકેફ કરવામાં આવશે તેમજ વિદ્યાર્થીઓ તેમની કૌશલ્યનો વિકાસ કેવી રીતે ચાલુ રાખવો તે અંગેની માહિતી આપવામાં આવશે.
ઇ–ક્વિઝ	સ્કોપની આ ક્વિઝમાં વિદ્યાર્થીઓ/સહભાગીઓને સામાન્ય જ્ઞાનના વિવિધ પ્રશ્નોનો પૂછવામાં આવશે જેથી તેના સામાન્ય જ્ઞાનમાં વધારો થાય.
સ્કોપની CEPT અને Linguaskill Businessની પરીક્ષાઓ	સ્કોપ દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ વિશ્વવિખ્યાત કેમ્બ્રીજ યુનિવર્સિટીના 'Cambridge English Assessment'નું પ્રમાણપત્ર કોલેજના વિદ્યાર્થી પ્રાપ્ત કરશે



મે ૨૦૨૩

પ્રવૃત્તિઓ	ફાયદાઓ
શાળામાં ગુજરાત રાજ્ય પર ક્વિઝ	શાળાના વિદ્યાર્થીઓને ગુજરાત રાજ્યની માહિતી તેમજ ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓ વિશે માહિતી મળશે જેથી વિદ્યાર્થીઓમાં ગુજરાત રાજ્યની માહિતી વિશેના જ્ઞાનમાં વધારો થશે.
સેમિનાર:- English language and Academic Study	આ સેમિનાર થી શૈક્ષણિક અને અંગ્રેજી ભાષાના કૌશલ્યો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે અને તેમાં નિબંધ લેખન, ફકરા, સંદર્ભ, પરિચય અને નિષ્કર્ષ અને અદ્યતન ભાષા પર કુશળતા કેવી રીતે પ્રાપ્ત કરવી વેગેરે જેવા વિષયોનો સમાવેશ થશે.
વેબીનાર:- Organization Skills and Time Management	આ વેબિનારમાં કઈ રીતે પ્રાથમિકતાઓ નક્કી કરી શકાય, લક્ષ્યો કઈ રીતે હાંસલ કરવા વગેરે માટેના કૌશલ્યો વધારવાનું માર્ગદર્શન આપવામાં આવશે. વિદ્યાર્થીઓ તેમના સમયનો કઈ રીતે સદઉપયોગ કરવો તે શીખવવામાં આવશે.
ઇ-ક્વિઝ	સ્કોપ દ્વારા આ ક્વિઝમાં સ્પર્ધકોને યોગ્ય વિકલ્પો પસંદ કરીને વાક્ય પૂર્ણ કરવાનું કહેવામાં આવશે, જેથી વિદ્યાર્થીઓને અંગ્રેજીમાં યોગ્ય રીતે વાક્યો બનાવવાની કળામાં વધારો થશે.
સ્કોપની CEPT અને Linguaskill Businessની પરીક્ષાઓ	સ્કોપ દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ વિશ્વવિખ્યાત કેમ્બ્રીજ યુનિવર્સિટીના 'Cambridge English Assessment'નું પ્રમાણપત્ર કોલેજના વિદ્યાર્થી પ્રાપ્ત કરશે

જુન ૨૦૨૩

પ્રવૃત્તિઓ	ફાયદાઓ
કોલેજોમાં કરંટ અફેર્સ પર ક્વિઝ	કોલેજના વિદ્યાર્થીઓના જ્ઞાનમાં વધારો થશે અને તેઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં પણ વધુ મદદરૂપ થશે.
વેબીનાર:- Career Advancement	આ વેબિનાર એવા વિદ્યાર્થીઓને મદદ કરશે કે જેઓ તેમના સ્નાતકના છેલ્લા વર્ષમાં છે અને નોકરી મેળવવા માટે આતુર છે તેમને કઈ રીતે નવા પડકારો સ્વીકારી તેમની કારકિર્દી બનાવી શકાય તે અંગેનું માર્ગદર્શન આપવામાં આવશે.
ઇ-ક્વિઝ	વિદ્યાર્થીઓ શબ્દભંડોળનો કઈ રીતે ઉપયોગ કરી અંગ્રેજી વ્યાકરણમાં વિદ્યાર્થીઓના સંચાર કૌશલ્યનો વિકાસ થશે.
સ્કોપની CEPT અને Linguaskill Businessની પરીક્ષાઓ	સ્કોપ દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ વિશ્વવિખ્યાત કેમ્બ્રીજ યુનિવર્સિટીના 'Cambridge English Assessment'નું પ્રમાણપત્ર કોલેજના વિદ્યાર્થી પ્રાપ્ત કરશે.
ઇ-ન્યૂઝલેટર	સ્કોપના ઇ-ન્યૂઝલેટરના નવમાં અંકની થીમ રોજગારની સારી તકો માટે અંગ્રેજી ભાષાનું મહત્વ છે. આ આવૃત્તિમાં, શિક્ષકો/પ્રોફેસરો અને વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષા પર તેમના નવીન વિચારો ઇ-ન્યૂઝલેટર મારફત રજૂ કરશે.



જૂલાઈ ૨૦૨૩

પ્રવૃત્તિઓ	ફાયદાઓ
યુનિવર્સિટીમાં ભારત અને આપણો સાંસ્કૃતિક વારસો પર ક્વિઝ	કોલેજના વિદ્યાર્થીઓમાં ભારત દેશ તથા આપણાં દેશના સાંસ્કૃતિક વારસાના જ્ઞાનમાં વધારો થશે અને સાથે સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીમાં પણ મદદરૂપ થશે.
ઇ-ક્વિઝ	અંગ્રેજી વ્યાકરણના વિવિધ મુદાઓ પર આ ઇ-ક્વિઝ નું આયોજન થશે જેમાં વિદ્યાર્થીઓને અંગ્રેજીમાં યોગ્ય રીતે વાક્યો બનાવવાની કળામાં વધારો થશે.
વેબીનાર:- 21st Century Teaching and the Global Scale of English	આ વેબીનાર વિદ્યાર્થીઓને તેમની ભાવિ કારકિર્દી માટે તૈયાર કરવા તેમજ 4Cs - collaboration, creativity, critical thinking દ્વારા જીવનમાં સફળતા કઈ રીતે મેળવવી તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
વર્કશોપ:- Critical Thinking Skills	આ વર્કશોપથી વિદ્યાર્થીઓ અભ્યાસક્રમના પુસ્તકો અને વર્ગખંડોની બહારની દુનિયામાં કઈ રીતે વિચારી શકે અને સફળતા મેળવી શકે તે બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
સ્કોપની CEPT અને Linguaskill Businessની પરીક્ષાઓ	સ્કોપ દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ વિશ્વવિખ્યાત કેમ્બ્રીજ યુનિવર્સિટીના 'Cambridge English Assessment'નું પ્રમાણપત્ર કોલેજના વિદ્યાર્થી પ્રાપ્ત કરશે.



ઓગષ્ટ ૨૦૨૩

પ્રવૃત્તિઓ	ફાયદાઓ
સ્વતંત્રતા દિવસ/ સ્વતંત્રતા સેનાની પર ક્વિઝ	વિદ્યાર્થીઓને ભારતીય સ્વતંત્રતા ઇતિહાસ અને સ્વતંત્રતા ચળવળમાં રાષ્ટ્રીય નાયકોની ભૂમિકા વિશે વધુ જ્ઞાન મેળવવામાં મદદ કરશે.
સ્વતંત્રતા/સ્વતંત્રતા સેનાનીઓ પર વક્તૃત્વ સ્પર્ધા	વિદ્યાર્થીઓ ભારતની સ્વતંત્રતા/સ્વતંત્રતા સેનાનીઓ વિશે કેટલું જાણે છે તે માટેની આ વક્તૃત્વ સ્પર્ધા છે જેમાં વિદ્યાર્થીઓની વાતચીત કૌશલ્યમાં વધારો થશે. આ વક્તૃત્વ સ્પર્ધા આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ યોજવામાં આવશે.
વેબીનાર:–Workplace Etiquettes	આ વેબિનાર વિદ્યાર્થીઓને કાર્યના સ્થળ પર અત્યંત જટિલ પરિસ્થિતિઓને કઈ રીતે સંભાળી શકાય તે અંગેની માહિતી તેમજ વ્યાવસાયિક સંબંધો બાંધવા અને જાળવવાના સિદ્ધાંતો વિશે વધુ માહિતી આપવામાં આવશે તેમજ કાર્યસ્થળની સામાન્ય પરિસ્થિતિઓ માટે વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.
ઇ–ક્વિઝ :– Current Affairs	આનાથી કોલેજના વિદ્યાર્થીઓના સામાન્યજ્ઞાનમાં વધારો થશે.
સ્કોપની CEPT અને Linguaskill Businessની પરીક્ષાઓ	સ્કોપ દ્વારા લેવામાં આવતી પરીક્ષા દ્વારા વિદ્યાર્થીઓ વિશ્વવિખ્યાત કેમ્બ્રીજ યુનિવર્સિટીના 'Cambridge English Assessment'નું પ્રમાણપત્ર કોલેજના વિદ્યાર્થી પ્રાપ્ત કરશે.

SCOPE State Level Elocution Competition



SCOPE Examination in Digital Education Learning Lab (DELL)



SCOPE stall at Conference of Academic Institutions (ICAI)-2022,
Science City, Ahmedabad



SCOPE Stall at Global Patidar Business Summit (GPBS)-2022
Sarsana, Surat





સ્કોપ

(Society for Creation of Opportunities through Proficiency in English)
પ્રજ્ઞા પુરમ કેમ્પસ, પી.આર.એલ.ની સામે, એલ. ડી. કૉલેજ ઓફ એન્જિનીયરીંગની પાસે,
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૧૫. (ગુજરાત)
ફોન નં. : ૦૭૯–૨૯૭૦૮૦૬૭ ●
Email: inquiry-scope@gujgov.edu.in,
exam-scope@gujgov.edu.in
Website: scope.gujgov.edu.in

scopegujarat
gujscope
scope_gujarat
SCOPEGujaratGoG

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર